1. સડક માર્ગોનું મહત્ત્વ સમજાવો.

- સડક માર્ગોનું મહત્ત્વ નીચે મુજબ છે :
- સડક માર્ગો ઘરઆંગણા સુધીની સેવાઓ પૂરી પાડે છે.
- ટૂંકા અંતરની મુસાફરી માટે સૌથી સસ્તું માધ્યમ છે.
- તે રેલમાર્ગ, હવાઈ માર્ગ અને જળમાર્ગ માટે પૂરક સહાયક માર્ગ છે.
- કૃષિ, પશુપાલન અને ગ્રામીણ વિકાસમાં સડક માર્ગોનો ફાળો સર્વોપરી છે.
- ઉદ્યોગો માટે કાચા માલ અને તેયાર માલનું પરિવહન સરળ બનાવે છે.
- કુદરતી આફતોના સમયે અંતરિયાળ ભાગોમાં રાહત સામગ્રી પહોંચાડવા અને બચાવકામ માટે ખૂબ ઉપયોગી છે.

2. 'સુએઝ નહેર' વિશે ટૂંક નોંધ લખો. (March 18)

- ભૂમધ્ય અને રાતા સમુદ્રને સુએઝ નહેર જોડે છે. સુએઝ નહેર બનાવવાનું શ્રેય ફ્રેન્ચ એન્જિનિયર ફર્ડનાન્ડ દે લૅસેપ્સના ફાળે જાય છે.
- આ નહેરના કારણે પશ્ચિમ યુરોપ અને દક્ષિણપૂર્વ એશિયાના દેશો વચ્ચેનું અંતર ઘટવા પામ્યું છે. આ નહેર પર ઉત્તરમાં પૉર્ટ સઈદ અને દક્ષિણમાં સુએઝ બંદર આવેલાં છે. ઓ નહેર બનાવવાની શરૂઆત 25 એપ્રિલ, 1859માં કરવામાં આવી હતી અને તે 15 ઑગસ્ટ, 1869માં પૂર્ણ થઈ હતી.

3. હવાઈ માર્ગોનો વિકાસ જણાવો. (March 19).

- હવાઈ માર્ગોના વિકાસની શરૂઆત વીસમી સદીમાં થઈ, પરંતુ તેનો વાસ્તવિક વિકાસ બીજા વિશ્વયુદ્ધ પછી થયો. હવાઈ જહાજોની ડિઝાઇન અને કદમાં પરિવર્તન થતાં રહ્યાં છે. હવાઈ જહાજોની ગતિમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.
- હવાઈ માર્ગોનો વિકાસ મુખ્યત્વે આર્થિક અને ઔદ્યોગિક રીતે વિકસિત દેશોમાં વધુ થયો છે. યૂ.એસ.એ., પશ્ચિમ યુરોપ અને દક્ષિણપૂર્વ એશિયામાં હવાઈ માગનું પ્રમાણ વિશેષ છે. હવાઈ માર્ગ દ્વારા મુસાફરી ઝડપી અને આરામદાયક બની છે.
- દુર્ગમ પ્રદેશોમાં પહોંચવા હવાઈ માર્ગ એકમાત્ર વિકલ્પ છે. હવાઈ માર્ગોના વિકાસના કારણે રાણે પોતાનું રક્ષણ ઉત્તમ રીતે કરી શકે છે. તે લશ્કરને ખૂબ જ સહાયક બને છે. લંડન, રોમ, પૅરિસ, મોસ્કો, દુબઈ, નવી દિલ્હી, બેંગકોક, સિંગાપુર, ટોકિયો, શિકાગો, ન્યૂ યૉર્ક વગેરે આધુનિક સેવાઓ પૂરી પાડતાં વિકસિત હવાઈ મથકો છે.

4. પાઈપલાઈનના લાભ જણાવો.

- સડક માર્ગો, જળમાગ, હવાઈ માર્ગો, પાઈપલાઈન તથા રોપવે પરિવહનનાં ઉત્તમ માધ્યમો છે. પાઈપલાઈનના લાભ નીચે મુજબ છે :
- પ્રવાહી પદાર્થો અને કુદરતી વાયુની હેરફેર માટે પાઈપલાઈન સૌથી વધુ સુવિધાજનક સાધન છે. પેટ્રોલિયમ અને તેની પેદાશો તથા કુદરતી વાયુ (ગૅસ)ને લાંબા અંતર સુધી લઈ જવા માટે પાઈપલાઈનનો ઉપયોગ કરવામાં આવે છે.

- પાઇપલાઇન દ્વારા ઘટ્ટ પદાર્થોને સ્લરીના સ્વરૂપમાં ફેરવીને સહેલાઈથી હેરફેર કરી શકાય છે. પાઇપલાઇનની સુવિધાઓ નીચે મુજબ છે :
  (1) ઊબડખાબડ ભૂમિ તથા પાણીની નીચે પણ પાઇપલાઇન નાખી શકાય છે.
  (2) તેના સંચાલન તથા જાળવણી પાછળ ખૂબ જ ઓછું ખર્ચ આવે છે.
  (3) ઊર્જાક્ષમતા તેમજ પર્યાવરણની સાચવણીની દૃષ્ટિએ તે શ્રેષ્ઠ વ્યવસ્થા છે.

5. 'દક્ષિણ ઍટલૅન્ટિક જળમાર્ગ' ટૂંક નોંધ લખો.

- દક્ષિણ ઍટલૅન્ટિક જળમાર્ગની નોંધપાત્ર બાબતો નીચે પ્રમાણે છે : આ જળમાર્ગ પશ્ચિમ યુરોપ અને પશ્ચિમ આફ્રિકાના દેશોને બ્રાઝિલ, આર્જેન્ટિના અને ઉરુગ્વનાં બંદરો સાથે જોડે છે.
- આ જળમાર્ગ વિશેષ મહત્ત્વ ધરાવતો નથી, કારણ કે આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના કિનારા પર આવેલા દેશો અલ્પ માત્રામાં જનસંખ્યા ધરાવે છે. તેમજ આર્થિક દૃષ્ટિએ વધુ વિકસેલા નથી. રીઓ દ નીરો અને કૅપટાઉનના મધ્યપૂર્વપશ્ચિમ માર્ગ પર પણ વધુ વેપાર થતો નથી.
- બ્રાઝિલથી કૉફી, કોકો, આર્જેન્ટિનાથી ઘઉં, માંસ, શણ વગેરે ઉત્તર અમેરિકા તથા યુરોપના ઔદ્યોગિક પ્રદેશોમાં નિકાસ કરવામાં આવે છે. નિમણિ પામેલી અને અર્ધનિર્મિત વસ્તુઓની આયાત કરવામાં આવે છે.

6. 'પનામા નહેર' ટૂંકમાં જણાવો.

- પનામા નહેરનું નિમણિ ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકાના મધ્યમાં આવેલા પનામા દેશમાં થયું છે. તે પૂર્વમાં ઍટલૅન્ટિક મહાસાગર અને પશ્ચિમમાં પેસિફિક મહાસાગરને ને જોડે છે.પનામા નહેર એક જળપાશ પ્રણાલી છે.આ નહેર પસાર કરતાં જહાજોને 7થી 8 ક્લાક લાગે છે. આ નહેરને કારણે ઉત્તર અને દક્ષિણ અમેરિકાના પૂર્વ અને પશ્ચિમ કિનારા વચ્ચેનું અંતર ઘટી ગયું છે.

7. પરિવહનસંબંધી સમસ્યાઓના ઉપાયો જણાવો. (July 18)

- શહેરોમાં માર્ગ વ્યવહારના ટ્રાફિકને ઘટાડવા માટે ફ્લાય ઑવર બનાવવા. મેટ્રોરેલ કે મૉનોરેલનો વિકાસ કરવો. મલ્ટિલેવલ પાર્કિંગ સુવિધાઓનું નિર્માણ કરવું.
- મહાનગરોની પાસે આધુનિક ઉપનગરી વસાવી, શહેરીકરણનું ભારણ ઘટાડવાથી પરિવહનસંબંધી સમસ્યાઓ દૂર કરી શકાય. શહેરોમાં સાઇકલ ટ્રૅક બનાવી, સાઇકલના ઉપયોગ માટે લોકોને પ્રોત્સાહિત કરવા.
- વ્યક્તિગત કે ખાનગી વાહનોની જગ્યાએ સામૂહિક પરિવહનનાં સાધનોની સુવિધા વધારવી. શહેર બસ સુવિધા કે મેટ્રોરેલની સુવિધાઓ શહેરોમાં ઊભી કરવાથી ટ્રાફિકની સમસ્યા હલ થાય. પરિવહન પાર્કિંગના નિયમો કડક બનાવવા.

8. "સડક માર્ગ ખૂબ જ મહત્ત્વનો માર્ગ છે". કારણ આપો.

- સડક માર્ગ ખૂબ જ મહત્ત્વનો માર્ગ છે; કારણ કે ઘરઆંગણા સુધીની સેવાઓ પૂરી પાડે છે. ટૂંકા અંતરની મુસાફરી માટે સૌથી સસ્તું માધ્યમ છે. કૃષિ, પશુપાલન અને ગ્રામીણ વિકાસમાં સડક માર્ગોનો ફાળો સર્વોપરી છે. ઉદ્યોગો માટે કાચો માલ લાવવા અને તૈયાર માલને બજાર સુધી લઈ જવાનું તે સરળ બનાવે છે.

- કુદરતી આફતો સમયે અંતરિયાળ ભાગોમાં રાહત અને બચાવકાર્યમાં સહાયતા પૂરી પાડે છે.  અન્ય માર્ગો માટે પૂરક સહાયક માર્ગ છે.